અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટેલીજન્સ)ની કચેરીના તાબાની ભાવનગર રીજીયન કચેરીના આસિસ્ટન્ટ કમિશનર (ઇન્ટેલીજન્સ)ને ઉપાડ અને વહેંચણી અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : **HD/MHK/e-file/8/2022/8522/C**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : /૦૯/૨૦૨૪

<u>વંચાણે લીધા :-</u>

(૧) વિભાગના તારીખ ૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૯/૨૧૮૩/સ.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી(ઇન્ટે.)ની કચેરી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૨૪/૧૧/૨૦૨૧નો કચેરી હુકમ ક્રમાંક : જીબી/વહટ-૧/સત્તાસોંપણી/૫૦૪૮/૨૦૨૧.

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૦૭/૦૭/૨૦૨૩ના પત્ર ક્રમાંક : ડી/મુ.કા./૮૭૪/૨૦૨૩.

<u>ઠરાવ:-</u>

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના તારીખ ૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવથી જુનાગઢ રીજીયનનું વિભાજન કરી નવી ભાવનગર રીજીયન કચેરીની રચના કરવામાં આવેલ છે. ભાવનગર રીજીયન કચેરીના વડા તરીકે મદદનીશ કમિશનરશ્રી ઇન્ટેલીજન્સ, ભાવનગરને હોદ્દા જોગ વહીવટી તથા નાણાંકીય તમામ હેતુ માટે કચેરીના વડા તરીકે વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૨૪/૧૧/૨૦૨૧ના પોલીસ મહાનિરીક્ષકશ્રી(ઇન્ટે.)ની કચેરીના હુકમથી જાહેર કરવામાં આવેલ છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી , ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૩)ના તારીખ ૦૭/૦૭/૨૦૨૩ના પત્રથી ભાવનગર રીજીયન કચેરીના નાણાંકીય વ્યવહાર સુચારૂ રૂપે ચલાવવા માટે તથા વહીવટી કામની અગવડતા ધ્યાને લઈ

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.23
16:17:27 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ભાવનગર રીજીયન કચેરીના આસિસ્ટન્ટ કમિશનર(ઇન્ટેલીજન્સ)ને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉક્ત દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ અધિક પોલીસ મહાનિદેશક(ઇન્ટેલીજન્સ)ની કચેરીના તાબા હેઠળની ભાવનગર રીજીયન કચેરીના આસિસ્ટન્ટ કમિશનર(ઇન્ટેલીજન્સ)ને આથી ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ઇ-સરકારની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૦/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક(ઇન્ટેલીજન્સ)ની કચેરી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- મદદનીશ કમિશનર(ઇન્ટેલીજન્સ)ની કચેરી, ભાવનગર રીજીયન, બ્લોક નં.-૮એ, ગોપલનગર, તળાજારોડ, ભાવનગર.
- નાયબ સચિવશ્રી(તિજોરી), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ભાવનગર.
- તિજોરી અધિકારીશ્રી, જૂનાગઢ.
- સેક્શન અધિકારીશ્રી, ઝ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.23
16:17:27 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign